For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ઈન્ટરનેશનલ ડ્રગ્સ સિન્ડિકેટ દ્વારા મનીલોન્ડરિંગ

EDના સુરતમાં દરોડા

મુંબઈ, નવી મુંબઈ, સુરત અને ભાવનગરમાં 11 સ્થળોએ ઈડી દ્વારા તપાસ કરાઈ

ડ્રગ્સના વેચાણની રોકડ ડોલર અને થાઈબાટમાં ફેરવાતી હોવાનો ખુલાસો

સુરતઃઆંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટના ગેરકાયદે નાણાકીય વ્યવહારો અને મની લોન્ડરિંગના નેટવર્કમાં સુરતનું કનેક્શન સામે આવતાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) મુંબઈ દ્વારા શેર અને ભાવનગરમાં તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. EDની મુંબઈ ઝોનલ ઓફિસ-1 દ્વારા મુંબઈ, નવી મુંબઈ, સુરત અને ભાવનગરમાં કુલ 11 સ્થળોએ એકસાથે સર્ચ ઓપરેશન

...અનુસંધાન પાના 5 પર

NCBની ફરિયાદ બાદ મની લોન્ડરિંગની તપાસ

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB), મુંબઈ દ્વારા NDPS એક્ટ હેઠળ નોંધાયેલી ફરિયાદના આધારે EDએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ તપાસ શરૂ કરી હતી. મુંબઈ અને નવી મુંબઈમાંથી હાઇડ્રોપોનિક કેનાબિસ, કોકેઇન તથા હિસાબમાં ન દર્શાવાયેલી રોકડનો મોટો જથ્થો જપ્ત થયા બાદ આ તપાસ આગળ વધી હતી. નવીન ચિચકર અને અન્ય આરોપીઓ કોકેઇન, હાઇડ્રોપોનિક કેનાબિસ, LSD તથા કેનાબિસમાંથી બનાવેલી ખાદ્ય ચીજોના આંતરરાષ્ટ્રીય વેપારમાં સંડોવાયેલા હોવાની

...અનુસંધાન પાના 5 પર



વિદેશમાંથી ચાલતાં ખાતાંની વિગતો મળી

ED દ્વારા 'ક્રિપ્ટો ટ્રેડર્સ' સાથે સંકળાયેલાં સુરત અને ભાવનગરના કેટલાંક સ્થળોએ પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન ગુનાકીય આવક સાથે પ્રાથમિક દૃષ્ટિએ સંબંધ ધરાવતા હોવાનું જણાતા કેટલાંક ક્રિપ્ટો વોલેટ્સ અને ક્રિપ્ટો એસેટ્સની વિગતો મળી આવી હતી. તપાસમાં એવી માહિતી પણ સામે આવી છે કે શંકાસ્પદ વ્યક્તિઓ ભારત બહારથી અનેક ક્રિપ્ટો ટ્રેડિંગ એકાઉન્ટ્સનું સંચાલન કરી રહી હોવાની આશંકા છે. ઓળખવામાં આવેલા ક્રિપ્ટો વોલેટ્સ અને એસેટ્સની વિગતોના આધારે તેમની

...અનુસંધાન પાના 5 પર

રોકડમાંથી વિદેશી ચલણ ખરીદી આરોપીઓ સુધી પહોંચાડાતું

દરોડા દરમિયાન EDએ અનેક વાંધાજનક દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો જપ્ત કર્યા હતા. જેમાં હાઇ-એન્ડ સ્માર્ટફોન, લેપટોપ, આંતરિક સ્ટોરેજ મીડિયા, વ્યાવસાયિક હિસાબી ચોપડાઓ, નાણાકીય લેજર અને રોકાણ સંબંધિત રેકોર્ડનો સમાવેશ થાય છે. EDની સર્ચ કાર્યવાહીમાં ખુલાસો થયો હતો કે નશીલા પદાર્થોના વેચાણથી મેળવેલી ગુનાકીય આવકને વિવિધ માધ્યમો દ્વારા આગળ ધપાવવામાં આવતી હતી. રોકડ રકમને અમેરિકન ડોલર અને થાઈ બાહ્ટ સહિતના વિદેશી ચલણમાં રૂપાંતરિત કરીને ત્યારબાદ આરોપીઓ સુધી પહોંચાડવામાં આવતી

...અનુસંધાન પાના 5 પર

બારડોલીના ભંડારીવાડ મિનારા મસ્જિદમાં સુતળી બોમ્બ ફેંકાયો

સુતળી બોમ્બ ફેંકનાર મસ્જિદની નજીક જ રહેતા રાજ ભંડારીની અટકાયત

સમગ્ર પંથકમાં ભારે તંગદિલીનો માહોલ છવાયો

બારડોલીઃ બારડોલી શહેરમાં ગત મધરાત્રિ બાદ એક ચોંકાવનારી અને ચિંતાજનક ઘટના સામે આવી છે. બારડોલીના ભંડારીવાડ વિસ્તારમાં આવેલી મિનારા મસ્જિદમાં કોઈ અસામાજિક તત્ત્વ દ્વારા સુતરી બોમ્બ ફેંકવામાં આવતાં સમગ્ર પંથકમાં ભારે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. રાત્રિના આશરે ૧ વાગ્યાના સુમારે બનેલી આ ઘટનાને પગલે આસપાસના રહીશો અને મસ્જિદમાં હાજર લોકોમાં ભયની સાથે રોષની લાગણી ફેલાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભંડારીવાડ વિસ્તારમાં મસ્જિદની નજીકમાં જ રહેતા રાજ ભંડારી નામના યુવક દ્વારા મસ્જિદ પરિસરમાં બેથી ત્રણ જેટલા સુતરી બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. મધરાતે થયેલા આ ધડાકાઓને કારણે શાંતિ ડહોળાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ઘટના સમયે મસ્જિદમાં કેટલાક લોકો ઉપસ્થિત હતા, જેમણે સમયસૂચકતા વાપરીને આ સમગ્ર ઘટના અને બોમ્બ ફેંકનાર શખ્સનો વિડીયો પણ ઉતારી લીધો હતો.

બનાવની જાણ થતાં જ બારડોલી ટાઉન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો.

શહેરમાં શાંતિ ડહોળાય નહીં અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા મસ્જિદ અને આસપાસના સંવેદનશીલ વિસ્તારોમાં રાતોરાત ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પોલીસે વિડીયો

...અનુસંધાન પાના 5 પર

ધી વરાછા કો-ઓપ. બેંક લિ., સુરત
સુરત - નવસારી - અંકલેશ્વર - અમદાવાદ - રાજકોટ
(મલ્ટી સ્ટેટ શિડ્યૂલ્ડ બેંક)
દિપાવલી બચત યોજના 777 દિવસ
7.77% ચક્રવૃધ્ધિ વ્યાજ દર 8.36% અસરકારક વ્યાજ દર
ધનલક્ષ્મી બચત યોજના
8% 3232 દિવસ ચક્રવૃધ્ધિ વ્યાજ દર
11.48% અસરકારક વ્યાજ દર
ધન કુબેર બચત યોજના
7.51% ચક્રવૃધ્ધિ વ્યાજ દર 444 દિવસ
7.79% અસરકારક વ્યાજ દર
ફેસ્ટીવલ કાર લોન
સપનાં પૂરાં કરવાની સુવર્ણ તક ચુકશો નહીં...
દિવાળી સ્પેશ્યલ ઓફર
વ્યાજદર માત્ર FIXED RATE 7.50%
0 પ્રોસેસીંગ ફી | 0 ફિ-પેમેન્ટ પેનલ્ટી | 0 ફોરક્લોઝર
ઓફર તા.30/૧૧/૨૦૨૬ સુધી
* આ સ્પેશ્યલ બચત યોજના હોવાથી અન્ય કોઈ પણ લાભ મળવાપાત્ર થશે નહીં.
વહીવટી ઓફિસઃ સહકાર ભવન, સરથાણા પોલીસ સ્ટેશન પાસે, વ્રજચોક, સરથાણા જકાતનાકા, વરાછા રોડ, સુરત. ફોનઃ ૦૨૬૧-૬૯૧૮૦૦૦
Website : www.varachha.bank.in info@varachha.bank.in
ટૂંક સમયમાં અમારી નવી શાખાઓ તમારા નજીક કોસાડ, ડીંડોલી અને બારડોલી ખાતે આવી રહી છે...

ઈન્સ્ટા ગ્રુપમાં વિડીયો મૂક્યો અને કોમેન્ટ થતાં બે સગીર મિત્રોની હત્યા

નાનપુરામાં મિત્રોના ઝઘડામાં સમાધાન કરાવવા ગયા હતા બે સગીર, અન્ય ત્રણ સગીરોએ હુમલો કર્યો

મૃતકોમાંથી એકના પિતા જેલમાં છે અને માતા નથી, જ્યારે બીજાના પિતા દિવ્યાંગ છે

સુરતઃ નાનપુરામાં સોશિયલ મીડિયા પર થયેલી સામાન્ય બોલાચાલીની અદાવતે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે, જેમાં ઇન્સ્ટાગ્રામ પર થયેલા ઝઘડાની અદાવત

...અનુસંધાન પાના 5 પર



જેમની હત્યા થઈ તે બે મિત્રો

વોટ્સએપ ગ્રુપમાં 'ખાનદેશી' મહેણું હત્યાનું કારણ બન્યું

પોલીસ તપાસ અનુસાર આ વિવાદ પાછળ 'સલમાન ખાન' નામના વ્હોટ્સએપ ગ્રૂપની બોલાચાલી જવાબદાર છે. એસીપી વિજય મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું કે, 60-70 સભ્યોના આ ગ્રૂપમાં ઘોડેસવારીના વધુ

...અનુસંધાન પાના 5 પર

પિતાની મટનની દુકાનમાંથી છરો લઈને ડરાવા પહોંચ્યો

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, રાત્રે આશરે 12 વાગ્યાની આસપાસ જ્યારે બંને પક્ષો આમનેસામને આવ્યા ત્યારે પરિસ્થિતિ કાબૂ બહાર ગઈ હતી. આરોપી સગીરના પિતાની મટનની દુકાન છે. જ્યારે તેને ખબર પડી કે સામે પક્ષના યુવકો તેને શોધતા આવ્યા છે, ત્યારે તે તેમને માત્ર ડરાવવાના ઈરાદે દુકાનમાંથી મટન કાપવાનો મોટો છરો લઈને ગયો હતો. પરંતુ, સામસામે થયેલી ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપીમાં તેણે પોતાનો કાબૂ ગુમાવ્યો અને પોતાના જ મિત્રો પર ઉપરાછાપરી છરાના ઘા ઝીંકી દીધા હતા.

ફ્રી ફાયર ગેમના ઝઘડાએ બે સગીરનો ભોગ લીધો હોવાનો પરિવારનો આક્ષેપ

મૃતકના પરિવારજનોના જણાવ્યા મુજબ, ફ્રી ફાયર ગેમ રમતી વખતે થયેલી ગાળાગાળી અને મિત્ર સાથેની માથાકૂટ બાદ ધમકી આપીને યુવકને લડવા બોલાવવામાં આવ્યો હતો. ઝઘડાનું સમાધાન કરાવવા ગયેલા બે સગીરો પર ચપ્પુથી હુમલો કરાતાં તેમનાં મોત થયાં હોવાનો પરિવારનો આક્ષેપ છે. જે યુવક સાથે ઝઘડો થયો હતો તે છરો જોઈને ત્યાંથી ભાગી છૂટતા બચી ગયો હતો.પરિવારજનોએ

...અનુસંધાન પાના 5 પર

ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપ વિરુદ્ધ સુરત કોર્ટે વોરંટ કાઢ્યું

બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ કેસઃ વધુ સુનાવણી આગામી તા. ૨૪ ડિસેમ્બરે નિર્ધારિત કરાઈ




સુરતઃ ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપની મુશ્કેલી વધી હતી. બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર અભદ્ર ટિપ્પણી કરવાના મામલે સુરતની કોર્ટે જાણીતા ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપ વિરુદ્ધ જામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યું હતું.

સુરત કોર્ટમાં ફરિયાદ કરનાર એડવોકેટ કમલેશ રાવલેએ જણાવ્યું હતું કે અગાઉ સુરતની કોર્ટે ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપને હાજર થવા માટે સમન્સ જારી કરવામાં આવ્યું હતું. પરંતુ હાજર નહીં થતાં જાહેર નોટિસ દ્વારા બજવણી કરી હોવા છતાં તેઓ અદાલત સમક્ષ હાજર રહ્યા નહોતા. જેથી આજે સુરત કોર્ટમાં મુદત સમયે ફરિયાદ પક્ષે રજુઆત કરવામાં આવી હતી કે જાહેર નોટીસ દ્વારા સમન્સની બજવણી કરવામાં આવી હતી. તેમ છતાં ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપ હાજર રહ્યા નથી. જેથી ન્યાયિક કાર્યવાહી આગળ વધારવા રજુઆત કરવામાં આવી હતી. ફરિયાદ પક્ષની રજુઆત બાદ કોર્ટે ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપ વિરુદ્ધ જામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કરી વધુ સુનાવણી તા. ૨૪ ડિસેમ્બરે નિર્ધારિત કરી છે.

દુઃખદ અવસાન- બેસણું

સ્વ. મુકેશભાઈ ઠાકોરભાઈ પટેલ
સ્વ. તા. ૨/૧૧/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પતિશ્રી/પિતાશ્રી મુકેશભાઈ ઠાકોરભાઈ પટેલનું તા. ૨/૧૧/૨૦૨૬ સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૪/૧૧/૨૦૨૬ ને બુધવારે સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.
લિ.
ગં.સ્વ. કલ્પનાબેન મુકેશભાઈ પટેલ (પત્ની)
જીમીભાઈ મુકેશભાઈ પટેલ (પુત્ર)
અરુણભાઈ ઠાકોરભાઈ પટેલ (ભાઈ)
કૌશલભાઈ અરુણભાઈ પટેલ (કાકા)
મીરા, રુદ્રાક્ષ, રાશી, વીર,વેદ
તથા સમસ્ત વાણીયા પરિવાર
બેસણાનું સ્થળઃ કરિશ્મા સ્ટ્રીટ, મગદલ્લા, સુરત (સીટી)

॥ શ્રધ્ધાંજલિ ॥

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥
આત્મા અવિચલ અને શાશ્વત છે,
ના એને શસ્ત્ર ના જળ ભીંજવી શકે છે કેના પવન સૂકવી શકે છે. આત્મા અમર છે
લિ.
શ્રી ઘનશ્યામસિંહ વિરમસિંહ સોલંકી પરિવાર
તથા ભૂપેન્દ્રસિંહ વિરમસિંહ સોલંકી પરિવાર-અલથાણ
સ્વ. શ્રી રમેશચંદ્ર
ધીરજલાલ દેસાઈ
સ્વર્ગવાસ તા. ૩૦/૧૦/૨૦૨૬

ત્રીજી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. રતુબેન રણછોડભાઈ પટેલ
સ્વ. તા. 03/૧૧/૨૦૨૩
ધર્મ કદી ભુલ્યા નથી, વહેવાર કદી ચુક્યા નહી,
આપ અમારા આદર્શ અને માર્ગદર્શક હતા, આપનો લાગણીસભર સ્વભાવ કુટુંબ ભાવના, ઉચ્ચ વિચારોને સદા યાદ રાખીશું. આપના વિચારો અને આપના કાર્યો અમારા માટે પ્રેરણાસ્ત્રોત બનશે.
લિ.
સ્વ.રણછોડભાઈ ધનજીભાઈ પટેલ (અલથાણ)
ગં.સ્વ. રમણાબેન પરસોત્તમભાઈ પટેલ
ગિરીશ પરસોત્તમભાઈ પટેલ | દેવિલા ગીરીશભાઈ પટેલ
દર્શન ગિરીશભાઈ પટેલ | બીનલ દર્શન પટેલ
તુષાર હરીવદનભાઈ પટેલ | વિદ્યા તુષાર પટેલ
ધ્યાના, હર્યાંશ, રુદ્રાંશ
(ખજોદગામ)

શ્રી દિગંબર રાયકવાળ જૈન અવસાન-બેસણું

સ્વ.દિલીપકુમાર
ધેલાભાઈ શાહ (એડવોકેટ)
સ્વ.તા.૦૨-૧૧-૨૦૨૬
અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી દિલીપભાઈ ધેલાભાઈ શાહનું તા.૦૨-૧૧-૨૦૨૬ સોમવારના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા.૦૩-૧૧-૨૦૨૬ મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન પાંજરાપોળ, ઘોડ દોડ રોડ, સુરત મુકામે રાખેલ છે.
તથા
વ્યારા મુકામે સાંજે ૪.૩૦ થી ૬.૦૦ એમના નિવાસસ્થાને રાયકવાળ સ્ટ્રીટ, વ્યારા, જી. તાપી. મુકામે રાખેલ છે.
લિ.
ઉદય દિલીપભાઈ શાહ (UFICS) | માયા ઉદય શાહ
શ્રેયાંસ દિલીપભાઈ શાહ | મનીષા શ્રેયાંસ શાહ
નિલમ ભરત વખારીયા | ભરત હસમુખલાલ વખારીયા
મો.9824102855- ઉદયભાઈ શાહ

દુઃખદ અવસાન - બેસણું

સ્વ. મીતુલભાઈ પ્રવિણભાઈ પટેલ
સ્વ. તા. ૦૧/૧૧/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પતિ/પુત્ર/ભાઈ મીતુલભાઈ પ્રવિણભાઈ પટેલનું તારીખ : ૦૧/૧૧/૨૦૨૬, રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે...
સદ્ગતનું બેસણું : તા. ૦૪/૧૧/૨૦૨૬, બુધવાર, સવારે : ૧૦ થી ૧ કલાકે
સ્થળ : ૬૨૭, નવી વસાહત, આભવા ગામ, સુરત.
લિ.
ગં.સ્વ. વૈશાલીબેન મીતુલભાઈ પટેલ (પત્ની) | જયદિપકુમાર પ્રવિણભાઈ પટેલ (ભાઈ)
ગં.સ્વ. ધનુબેન ઠાકોરભાઈ પટેલ (દાદી) | અંકિતાબેન વિજયભાઈ પટેલ (બહેન)
સ્વ. પ્રવિણભાઈ ઠાકોરભાઈ પટેલ (પિતા) | વિજયભાઈ મનુભાઈ પટેલ (બનેવી)
ગં.સ્વ. નંદુબેન પ્રવિણભાઈ પટેલ (માતા) | ચિ. મહેકકુમારી નરેશભાઈ પટેલ
શ્રીયા, કિયાન તથા સમસ્ત દેરાવાળા પરિવાર

છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. કિરીટલાલ બળવંતરામ ખરવર
આસો વદ નોમને સ્વ.તા. : ૧૧-૧૦-૨૦૨૦
સ્નેહથી સિંચેલા તમારા બાગમાં અમે પંખી બની કિલ્લોલ કરતા હતા, નિર્ભય હતા તમારી છત્ર છાયામાં મસ્ત બની ઉડા ઉડ કરતા હતા, ન હતી ફિકર કે ન હતી ચિંતા, તમે અમારી ઢાલ બની બેઠા હતા, વિદિના લખ્યા લેખ કેટલા ક્રુર થઈ ગયા, હાસ્ય તણા ઝળઝળીયા આંખોના પુર થઈ ગયા, જગતની દરેક સમૃદ્ધિ મળશે. પણ કલ્પવૃક્ષ જેવી તમારી છત્રછાયા કયાંય નહી મળે પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.
લિ.
ભૂપેન્દ્ર કિરીટલાલ ખરવર | પ્રતિમા ભૂપેન્દ્ર ખરવર
ચેતન કિરીટલાલ ખરવર | વીમી ચેતન ખરવર
કલ્પેશ કિરીટલાલ ખરવર | દિપાલી કલ્પેશ ખરવર
સ્નેહીલ ભૂપેન્દ્ર ખરવર | નિકિતા સ્નેહીલ ખરવર
પ્રેમલ ભૂપેન્દ્ર ખરવર | હેત્વી પ્રેમલ ખરવર
વત્સલ ચેતન ખરવર | પૂજા વત્સલ ખરવર
જિનિલ કલ્પેશ ખરવર | ધ્રુવિલ કલ્પેશ ખરવર
કિયાંશ, વેદાંશ, હર્ષિવ, શાર્વિલ (પ્રપૌત્ર) આશ્વી, આર્વિકા (પ્રપૌત્રી)
અંકુરકુમાર કુંદનભાઈ જરીવાલા(જમાઈ) ખ્યાતિ અંકુરકુમાર જરીવાલા(પૌત્રી)
ચિંતનકુમાર રાકેશભાઈ દિવેટીયા(જમાઈ) નિષ્ઠા ચિંતનકુમાર દિવેટીયા(પૌત્રી)
જૈનિલ - યુગ - દિવિશા - વામિકા (દોહીત્ર)
પ્રાર્થના સહ... સી. ગોપાલ પરિવાર

ચોથી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સ્વ.ભરતભાઈ
મગનભાઈ પટેલ
સ્વ.તા.૦૩.૧૧.૨૦૨૨
(ગામઃદામકા)
કલમ ઉપાડીએ છીએ શ્રદ્ધાંજલિ અર્પવાને આંખો ભીંજાય જાય છે હૃદય પુકારે છે તમારી યાદમાં મન મુકીને રડાવે છે. હસીને રહેવાવાળા અમને રડાવી ગયા. દરેક પ્રસંગે અમોને તમારી ખોટ પડશે. તમારી આ ઓચીંતી વિદાય કદી ભુલાશે નહી. અમારા કઠોર સમયે તમો સુક્ષ્મ સ્વરૂપે હાજર રહી અમારા દરેક પ્રસંગ દિપાવજો પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...
લિ. ગં.સ્વ.સંગીતાબેન ભરતભાઈ પટેલ
હર્ષ ભરતભાઈ પટેલ(પુત્ર) | કૃષાની ભરતભાઈ પટેલ(પુત્રી)
મોહનભાઈ મગનભાઈ પટેલ | ચીમનભાઈ મગનભાઈ પટેલ
સ્વ.શાંતિલાલ મગનભાઈ પટેલ | રમણાભાઈ મગનભાઈ પટેલ
હસમુખભાઈ મગનભાઈ પટેલ | તથા સમસ્ત પરિવાર

અંજલિ


સ્વ.ઠાકોરભાઈ મણીભાઈ દેસાઈ (તલંગપુરકર)
અવધૂત શરણ
તા.૦૩-૧૧-૧૯૮૬
વ્હાલા પપ્પા,
જ્યારે કશું જ નહોતું, ત્યારે તમે હતા ; ને આજે બધ્યું જ છે, પણ તમે નથી...
આપના પવિત્ર આત્માના કલ્યાણને હંમેશા પ્રાર્થતા અમે...
જનક દેસાઈ (એડવોકેટ) • કવિતા દેસાઈ
કવન દેસાઈ (એડવોકેટ) • ડૉ.યશસ્વી દેસાઈ
ડૉ.એષા • ડૉ.કુશ • પાર્શ્વી

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરતના
પરમ હિતેચ્છુ આદરણીય પ્રમુખ શ્રી રમેશચંદ્ર ધીરજલાલ દેસાઈ
સ્વ. તા.30-૧૦-૨૦૨૬, શુકવાર
આજે જ્યારે આપ સદેહ અમારી વચ્ચે ભલે નથી પરંતુ આપના પ્રેમ, હૂંફ, આશીર્વાદ અને માર્ગદર્શન હંમેશા અમારી સાથે રહેશે અને સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે. આપની ખોટ ક્યારેય પૂરાય તેમ નથી. આપ સદેહે આ ધરા પર ભલે અસ્તિત્વ ધરાવતા નથી પરંતુ આપના વિચાર, વાણી, વ્યવહાર, વર્તન અને કર્મ સદાય ચંદનસમ સુવાસિત રહેશે.
સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની સંસ્થાઓના વિકાસમાં આપના માર્ગદર્શનનો સિંહફાળો રહ્યો છે. નખશિખ સજ્જન, ઉદાર, ચારિત્રવાન અને મુઠી ઊંચેરા માનવી તરીકે સમાજ, શિક્ષણ અને સુરત શહેર પરત્વે આપનું અનોખું યોગદાન રહ્યું છે.
અનોખા વ્યક્તિત્વના સ્વામી - સાચા કર્મયોગી એવા આપને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી પરિવાર વતી અમે સૌ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ. પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ બક્ષે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.
દિનકરરાય નાયક - કાર્યકારી પ્રમુખ ચંદ્રકાંત જરીવાલા - ઉપપ્રમુખ
આશિષ વકીલ - અધ્યક્ષ ડો.કિશોર દેસાઈ - પ્રથમ ઉપાધ્યક્ષ
અજિત શાહ - દ્વિતીય ઉપાધ્યક્ષ
સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત પરિવાર.

દુઃખદ અવસાન-સંયુક્તબેસણું

સ્વ. પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
જન્મ તા. ૦૧/૦૪/૧૯૪૫ સ્વ. તા. ૩૧/૧૦/૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે મારા બેન/ફોઈ સ્વ. પાર્વતીબેન ચીમનભાઈ પટેલનું તા. ૩૧/૧૦/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્ગતનું સંયુક્ત બેસણું તા. ૦૪/૧૧/૨૦૨૬ બુધવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે દરમ્યાન બી. જે. પટેલ બંગલો ભીમરાડ ગામ ખાતે રાખેલ છે.
ગં.સ્વ. રમણાબેન પરસોત્તમભાઈ પટેલ
ગિરીશ પરસોત્તમભાઈ પટેલ | દેવિલા ગીરીશભાઈ પટેલ
દર્શન ગિરીશભાઈ પટેલ | બીનલ દર્શન પટેલ
તુષાર હરીવદનભાઈ પટેલ | વિદ્યા તુષાર પટેલ
ધ્યાના, હર્યાંશ, રુદ્રાંશ
(ખજોદગામ)

દુઃખદ અવસાન / સંયુક્ત બેસણું

સ્વ. પાર્વતીબેન
ચીમનભાઈ પટેલ
જન્મ તા. ૦૧/૦૪/૧૯૪૫
સ્વ. તા. ૩૧/૧૦/૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે મારા પત્ની/માતૃશ્રી પાર્વતીબેન ચીમનભાઈ પટેલનું તા. ૩૧/૧૦/૨૦૨૬ શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે
પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
સદ્ગતનું બેસણું
તા. ૦૪/૧૧/૨૦૨૬ બુધવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
સ્થળ : બી.જે. પટેલ બંગલો, અંબાજી માતાના મંદિર સામે, ભીમરાડ ગામ.
શોકાતુર બી.જે. પટેલ પરિવાર
સ્વ. ચીમનભાઈ ભાણાભાઈ પટેલ
મોહનભાઈ ભાણાભાઈ પટેલ | સ્વ. પાર્વતીબેન મોહનભાઈ પટેલ
હસમુખભાઈ ભાણાભાઈ પટેલ | સુશીલાબેન હસમુખભાઈ પટેલ
ઈશ્વરભાઈ ભાણાભાઈ પટેલ | જેકોરબેન ઈશ્વરભાઈ પટેલ
મુકેશભાઈ મોહનભાઈ પટેલ | મમતાબેન મુકેશભાઈ પટેલ
બંકિમભાઈ ચીમનભાઈ પટેલ | રૂપલબેન બંકિમભાઈ પટેલ
જીતેન્દ્રભાઈ ચીમનભાઈ પટેલ | કિર્તીબેન જીતેન્દ્રભાઈ પટેલ
નરેશભાઈ મોહનભાઈ પટેલ | બિનીતાબેન નરેશભાઈ પટેલ
પ્રકાશભાઈ હસમુખભાઈ પટેલ | અંકિતાબેન પ્રકાશભાઈ પટેલ
ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ પટેલ | પ્રિયંકાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ
ગૌતમભાઈ ઈશ્વરભાઈ પટેલ | આશિતાબેન ગૌતમભાઈ પટેલ
શ્રીનલ, પ્રિત, મિરેન, કિશ, સેન, કુશ, ભવ્ય, પંથ, હૃદય, રીકલ, ફેની, વક્ષિતા, કિસ્ટીના, પલ, કેયા, દિપલ

હાર્દિક શ્રદ્ધાંજલિ

સ્વ. પાર્વતીબેન ચીમનભાઈ પટેલ
સ્વ. તા. ૩૧/૧૦/૨૦૨૬
જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા, આપનો નિખાલસ અને સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શીરૂપે સાથે રહેશે, નથી હયાત પણ, સાથે છો તમે એમ લાગ્યા કરે છે, અમારી યાદોમાં હંમેશા રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
નટવરભાઈ રામજીભાઈ પટેલ | કેતન નટવરભાઈ પટેલ
ગીતાબેન નટવરભાઈ પટેલ | હેન્સી કેતન પટેલ
નીવા, હેતવ
તથા સમસ્ત રામજીભાઈ ભાણાભાઈ પટેલ પરિવાર (ભરથાણા)
'મણીકુંજ' જમનાનગર બસસ્ટેન્ડ, ઘોડદોડ રોડ, સુરત.